એક દિલ

એક ઝિંદગી
એક મંઝિલ

કાર્ડિયાક સાયન્સ
મેરિંગો સિમ્સ હોસ્પિટલ

# મારું હૃદય

Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE

વર્ષ -17, અંક-195, 15 માર્ચ, 2026

Price ₹ 5/-



MarengoCIMS Hospital
HUMANE BY PRACTICE

# હૃદયમાં થતી અનિયમિત ધબકારા (Atrial Fibrillation) અને સ્ટ્રોકથી બચાવ
## Left Atrial Appendage Closure (LAAC) – સરળ ભાષામાં સંપૂર્ણ સમજણ



ડૉ. અજય નાયક
MD, DM, DNB, FACC, FHRS
Cardiac Electrophysiologist
Director - Cardiac Arrhythmia and
Heart Failure Device Division
(Mo.) +91 98250 82666
ajay.naik@cims.me

આજના સમયમાં ઘણા લોકો હૃદય સંબંધિત તકલીફો સાથે ડૉક્ટર પાસે આવે છે. કોઈને અચાનક "હૃદય ધબકે છે" એવું લાગે છે, કોઈને "ગભરાટ" થાય છે, તો કોઈને શ્વાસ ચઢી જાય છે અથવા થાક વધારે લાગવા લાગે છે. ઘણી વાર લોકો તેને સામાન્ય તણાવ, ઊંઘની ઉણપ, વધુ કામ કે ચિંતા સાથે જોડી દે છે. પરંતુ કેટલીકવાર આ લક્ષણો પાછળ Atrial Fibrillation (AF) નામની મહત્વની અને ગંભીર સમસ્યા પણ હોઈ શકે છે.

AFનું સૌથી મોટું જોખમ એ છે કે તે "રક્તમાં ગાંઠ (Clot)" બનાવી શકે છે અને આ ગાંઠ મગજમાં જઈને સ્ટ્રોક (લકવો /પક્ષાઘાત) સર્જી શકે છે. સ્ટ્રોક એક એવો રોગ છે જેમાં દર્દીનું જીવન એક ક્ષણમાં બદલાઈ શકે છે—બોલવામાં તકલીફ, હાથ-પગ ન ચાલવા, સ્મૃતિ ઘટવી, તો ક્યારેક જીવલેણ પરિણામ પણ આવી શકે.

સારા સમાચાર એ છે કે આજની આધુનિક કાર્ડિયોલોજીમાં AFના દર્દીઓમાં સ્ટ્રોકનો જોખમ ઘટાડવા માટે અસરકારક ઉપચાર ઉપલબ્ધ છે. સામાન્ય રીતે blood thinners (લોહી પાતળું કરતી દવાઓ) દ્વારા સ્ટ્રોકથી બચાવ થાય છે. પરંતુ જે દર્દીઓમાં blood thinners લેવું જોખમી હોય અથવા વારંવાર બ્લીડિંગ થાય—તેમના માટે એક ઉત્તમ વિકલ્પ છે: Left Atrial Appendage Closure (LAAC).

આ લેખમાં આપણે AF શું છે, સ્ટ્રોક કેમ થાય છે, LAA શું છે અને LAAC કેવી રીતે મદદરૂપ થાય છે—બધું સરળ અને દર્દી-મિત્ર ભાષામાં સમજીએ.

### Atrial Fibrillation (AF) શું છે?

હૃદયમાં 4 ચેમ્બર હોય છે—ઉપરના 2 ભાગને Atrium અને નીચેના 2 ભાગને Ventricle કહે છે. સામાન્ય સ્થિતિમાં હૃદયનું ધબકારા એક નિયમિત "રીધમ"માં ચાલે છે ખબર પડે તેવી રીતે: ધબકારો "સરખો, લયબદ્ધ અને નિયંત્રિત".

Atrial Fibrillationમાં હૃદયના ઉપરના ભાગ (Atrium)માં વિદ્યુત પ્રવાહ (Electrical activity) ગોટાળો થાય છે. આ કારણે ધબકારા અનિયમિત (Irregular) અને ઘણીવાર ઝડપથી (Fast) થઈ જાય છે. આ સ્થિતિમાં Atrium યોગ્ય રીતે "પંપ" કરી શકતું નથી અને લોહી સંપૂર્ણ અસરકારક રીતે આગળ નથી ધકેલાઈ શકતું.

### AFના સામાન્ય લક્ષણો

- અચાનક ધબકારા ઝડપથી થવા (Palpitations)
- છાતીમાં ગભરાટ / અજંપો
- શ્વાસ ચઢવો (Breathlessness)
- થાક લાગવો
- ચક્કર આવવું
- ચાલતાં-ચાલતાં બેસી જવું પડે એવું થવું
- ક્યારેક છાતીમાં દુખાવો અથવા ભાર લાગવો.

મહત્વની વાત: કેટલાક દર્દીઓમાં AF હોવા છતાં કોઈ લક્ષણ જ નથી દેખાતું, આને "Silent AF" પણ કહેવામાં આવે છે. એવા દર્દીઓમાં પહેલી વાર સમસ્યા સીધી સ્ટ્રોક રૂપે પણ સામે આવી શકે છે. એટલે AFનું વહેલું નિદાન ખૂબ મહત્વનું છે.

### AF કોને વધારે થાય?

AF ખાસ કરીને નીચેના દર્દીઓમાં વધુ જોવા મળે છે:

- ઉંમર વધતાં (વૃદ્ધાવસ્થા)
- બ્લડ પ્રેશર (Hypertension)
- ડાયાબિટીસ
- થાઇરોઇડનો રોગ
- હાર્ટ ફેલ્યોર
- હૃદયના વાલ્વની સમસ્યા
- Coronary artery disease / હાર્ટ એટેકની હિસ્ટ્રી
- મોટાપો (Obesity)
- Sleep apnea
- વધુ દારૂ / ધુમ્રપાન લાંબા સમયથી શારીરિક પ્રવૃત્તિ ઓછી હોવી

### AFમાં સ્ટ્રોક કેમ થાય છે?

AFમાં Atrium યોગ્ય રીતે પંપ ન કરી શકવાને કારણે લોહીનું પ્રવાહ ધીમું પડે છે. જ્યારે લોહી એક



| કાર્ડિયોલોજી | |
|---|---|
| ડૉ કેયૂર પરીખ | +91-98250 26999 |
| ડૉ મિલન ચગ | +91-98240 22107 |
| ડૉ હેમાંગ બક્ષી | +91-98250 30111 |
| ડૉ ઉર્મિલ શાહ | +91-98250 66939 |
| ડૉ અનિશ ચંદારાણા | +91-98250 96922 |
| ડૉ અજય નાઇક | +91-98250 82666 |
| ડૉ સત્ય ગુપ્તા | +91-99250 45780 |
| ડૉ વિપુલ કપૂર | +91-98240 99848 |
| ડૉ તેજસ વી. પટેલ | +91-89403 05130 |
| ડૉ હિરેન કેવડીયા | +91-98254 65205 |
| ડૉ કશ્યપ શેઠ | +91-99246 12288 |

| કાર્ડિયોથોરાસિક સર્જરી | |
|---|---|
| ડૉ ધીરેન શાહ | +91-98255 75933 |
| ડૉ ધવલ નાયક | +91-90991 11133 |
| ડૉ અમિત ચંદન | +91-96990 84087 |
| ડૉ નિકુંજ વ્યાસ | +91-73531 65955 |
| ડૉ ધ્યાનિલ ત્રિવેદી | +91-99989 67576 |

| કાર્ડિયાક ઇલેક્ટ્રોફિઝિયોલોજી | |
|---|---|
| ડૉ અજય નાઇક | +91-98250 82666 |
| ડૉ હિરેન કેવડિયા | +91-98254 65205 |

| વાસ્ક્યુલર અને થોરાસીક સર્જરી | |
|---|---|
| ડૉ પ્રણવ મોદી | +91-98240 84700 |

| પીડિયાટ્રીક કાર્ડિયોલોજી | |
|---|---|
| ડૉ મિલન ચગ | +91-98240 22107 |
| ડૉ કશ્યપ શેઠ | +91-99246 12288 |

| પીડિયાટ્રીક અને સ્ટ્રક્ચરલ હાર્ટ સર્જરી | |
|---|---|
| ડૉ શૌનક શાહ | +91-98250 44502 |

| કાર્ડિયાક એનેસ્થેસિઓલોજી | |
|---|---|
| ડૉ નિરેન ભાવસાર | +91-98795 71917 |
| ડૉ હિરેન ધોળકિયા | +91-95863 75818 |
| ડૉ ચિંતન શેઠ | +91-91732 04454 |

જ્યાએ અટકે અથવા ઠેરવાઇ જાય ત્યારે તે ગાંઠ (Clot) બનાવવાની શક્યતા વધી જાય છે.

આ ગાંઠ જો હૃદયમાંથી છૂટીને લોહીના પ્રવાહમાં આગળ વધે અને મગજની કોઇ નળીમાં અટકી જાય, તો મગજના ભાગમાં લોહી પહોંચતું બંધ થઇ જાય છે. પરિણામે Stroke થાય છે.

**Left Atrial Appendage (LAA) શું છે?**
હૃદયના ડાબા ઉપરના ભાગ (Left Atrium)માં એક નાનું ખિસ્સા જેવું બંધારણ હોય છે, જેને Left Atrial Appendage (LAA) કહેવાય છે.

AF ધરાવતા દર્દીઓમાં આશરે 90% જેટલા ક્લોટ LAAમાં બને છે કારણ કે AF દરમિયાન LAAમાં લોહી વધુ ઠેરવાય છે અને પ્રવાહ ધીમો પડે છે.

**સ્ટ્રોકથી બચાવ માટે સામાન્ય ઉપચાર (Blood thinners)**
AFના દર્દીમાં સ્ટ્રોક અટકાવવા માટે સામાન્ય રીતે Anticoagulants (Blood thinners) આપવામાં આવે છે. જેમ કે:
- Warfarin
- DOAC : Apixaban / Rivaroxaban / Dabigatran / Edoxaban વગેરે

**Blood thinners સાથે શું મુશ્કેલી થઇ શકે?**
Blood thinners ખૂબ ઉપયોગી છે, પરંતુ દરેક દર્દી માટે તે સુરક્ષિત રહે એવું જરૂરી નથી. કેટલાક દર્દીઓમાં:
- વારંવાર બ્લીડિંગ
- પેટમાંથી બ્લીડિંગ (Melena)
- મગજમાં બ્લીડિંગનો મોટો ખતરો
- આંખમાં બ્લીડિંગ
- Hb સતત ઘટવું
- વૃદ્ધ દર્દીમાં પડી જવાથી અંદરનું બ્લીડિંગ થવાની શક્યતા
- દવા સહન ન થવી / નિયમિત ન લઇ શકવું

**Left Atrial Appendage Closure (LAAC) શું છે?**
LAAC એ એક આધુનિક, non-surgical અને minimally invasive પ્રક્રિયા છે જેમાં LAAનામોઢા પર ખાસ ડિવાઇસ (ઢાંકણું) મૂકીને LAA બંધ કરવામાં આવે છે. જ્યારે LAA બંધ થઇ જાય ત્યારે ત્યાં લોહી જતું નથી, clot બનવાની શક્યતા ઘટે છે અને સ્ટ્રોકનો જોખમ ઘટાડવામાં મદદ મળે છે.

**LAAC કેવી રીતે થાય છે?**
LAAC સામાન્ય રીતે Cath labમાં થાય છે અને ઓપન-હાર્ટ ઓપરેશન જેવી મોટી સર્જરી નથી.
1. પગની નસ (Groin vein) દ્વારા એક નળી (Catheter) દાખલ કરવામાં આવે છે.
2. તે નળી હૃદય સુધી પહોંચાડવામાં આવે છે.
3. ખાસ પદ્ધતિથી Left Atrium સુધી પહોંચવામાં આવે છે.
4. LAAના મોંઢા પર યોગ્ય સાઇઝનું Closure Device મૂકવામાં આવે છે.
5. ડિવાઇસ સ્થિર થયા બાદ LAA "સીલ" થઇ જાય છે.

**LAACના મુખ્ય ફાયદા**
- સ્ટ્રોકનો જોખમ ઘટાડવામાં મદદ.
- લાંબા ગાળે blood thinner પર આધાર ઘટાડી શકાય.
- Blood thinnerથી થતા મોટા બ્લીડિંગનો ખતરો ઓછો થઇ શકે.
- વૃદ્ધ/High-risk દર્દી માટે યોગ્ય વિકલ્પ.
- છાતી કાપવાની સર્જરી નહીં.
- હૉસ્પિટલમાં ઓછા દિવસ રોકાવું પડે.
- રિકવરી સમય ઓછો.

**કોને વિચારવું જોઇએ LAAC?**
- Atrial Fibrillation છે.
- સ્ટ્રોકનો જોખમ વધારે છે.
- Blood thinner થી વારંવાર બ્લીડિંગ.
- પેટ/મગજ/આંખમાં બ્લીડિંગની સમસ્યા.
- Hb ઓછું થતું રહે.
- વૃદ્ધાવસ્થા + fall risk વધારે.
- દવા સહન ન થતી હોય.

**LAAC પહેલા કઇ તપાસ થાય છે?**
TEE (Transesophageal Echo) દ્વારા:
- LAAમાં પહેલેથી clot છે કે નહીં.
- LAAનું સાઇઝ/રચના.
- Closure device માટે ની યોગ્યતા ચકાસવામાં આવે છે.

**LAAC પછી શું કાળજી રાખવી?**
LAAC પછી નિયમિત follow-up જરૂરી છે. ડૉક્ટરની સલાહ પ્રમાણે દવાઓ સમયસર લેવી ખૂબ જરૂરી છે.

**સ્ટ્રોકના Warning Signs (FAST)**
- Face: ચહેરો એક બાજુ વાંકું?
- Arm: હાથ કમજોરી?
- Speech: બોલવામાં તકલીફ?
- Time: તરત હૉસ્પિટલ

**અંતિમ સારાંશ**
Atrial Fibrillation (AF) સ્ટ્રોકનો જોખમ વધારતી સ્થિતિ છે. Blood thinners ઘણા દર્દીમાં અસરકારક છે, પરંતુ જે દર્દીમાં બ્લીડિંગનો જોખમ વધારે છે તેમના માટે Left Atrial Appendage Closure (LAAC) એક મહત્વપૂર્ણ વિકલ્પ બની શકે છે.

**Medical Disclaimer:** આ લેખ જનજાગૃતિ માટે છે. સારવાર માટે હંમેશા તમારા ડૉક્ટરની સલાહ લો.

MarengoCIMS Hospital
HUMANE BY PRACTICE

# MARENGO CIMS HOSPITAL :
## SETTING THE BENCHMARK FOR HEALTHCARE EXCELLENCE

### TIMES HEALTH SURVEY

Circulated with THE TIMES OF INDIA, AHMEDABAD

Wednesday, 25 February, 2026

**RANK# 1 AHMEDABAD/ GANDHINAGAR**

**TOP MULTI SPECIALITY HOSPITALS AHMEDABAD / GANDHINAGAR**

| Rank | Name | Area |
|---|---|---|
| 1 | Marengo CIMS Hospital | Sola |

**WORLD'S BEST HOSPITALS 2025**
**NEWSWEEK**
RANKED NO. 1
HOSPITAL IN GUJARAT, RAJASTHAN & MADHYA PRADESH
Rated Amongst Best 20 Hospitals in India

**JCI INTERNATIONAL ACCREDITATION**
(4th CONSECUTIVE)




Leaders in Transplants Across India
68TH HEART
TRANSPLANT
JAN 27, 2026
Heartfelt gratitude to the donors for passing the
Baton of Life!
07
Lung Transplant
78
Liver Transplant
190
Kidney Transplant
261
Paediatric BMT
78
TAVI/TMVR/TTVR

Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE



# મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદમાં
# કેશલેસ સેવાઓ
## હવે ઉપલબ્ધ

## કેશલેસ ઈન્સ્યોરન્સ | થર્ડ પાર્ટી એડમિનિસ્ટ્રેટર (TPA) | પબ્લિક સેક્ટર અંડરટેકીંગ (PSU)

### ઈન્સ્યોરન્સ કંપનીઓ

- ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ
- નેશનલ ઈન્શ્યોરન્સ
- યુનાઈટેડ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ
- ઓરિયેન્ટલ ઈન્શ્યોરન્સ

### ટી.પી.એ. (TPA)

- અલંકિત હેલ્થકેર
- અનમોલ મેડીકેર
- અન્યુતા હેલ્થકેર
- ઈસ્ટ વેસ્ટ આસિસ્ટ
- એરિક્સન હેલ્થકેર
- ફેમિલી હેલ્થ પ્લાન
- ફોક્સ હેલ્થ સર્વિસ
- જેનિસ ઈન્ડિયા
- ગુડ હેલ્થ પ્લાન
- ગ્રાન્ડ હેલ્થકેર સર્વિસ
- હેપ્પી ઈન્સ્યોરન્સ
- હેલ્થ ઈન્ડિયા
- હેલ્થ ઈન્સ્યોરન્સ
- હેરિટેજ હેલ્થ
- એમડી ઈન્ડિયા હેલ્થકેર
- મેડ સેવ હેલ્થકેર
- મેડી આસિસ્ટ ઈન્ડિયા
- મેડએડવાન્ટેજ ઈન્સ્યોરન્સ
- પાર્ક મેડીકલેમ
- પેરામાઉન્ડ હેલ્થ સર્વિસ
- રક્ષા હેલ્થ ઈન્સ્યોરન્સ
- રોથશિલ્ડ હેલ્થકેર
- સેફવે હેલ્થકેર
- સ્પૂર્થી મેડિટેક
- શ્રી ગોકુલમ હેલ્થ સર્વિસીસ
- વિડાલ હેલ્થ
- વિપુલ મેડ કોર્પ

### પ્રાઈવેટ ઈન્શ્યોરન્સ

- આદિત્ય બિરલા હેલ્થ
- બજાજ આલિયાન્ઝ
- ચોલા MS
- મનિપાલ સિગ્ના
- ડીએચએફએલ
- એડલ વાઈસ
- ગો ડિજીટ
- HDFC અર્ગો
- ICICI લોમ્બાર્ડ
- ઈફકો ટોકિયો
- ઈન્ડિયા ફર્સ્ટ લાઈફ ઈન્સ્યોરન્સ
- લિબર્ટી જનરલ ઈન્સ્યોરન્સ
- મેગ્મા HDI
- નિવા બુપા
- કેર હેલ્થ
- રિલાયન્સ જનરલ
- SBI જનરલ
- સ્ટાર હેલ્થ એન્ડ એલાઈડ
- TATA એ.આઈ.જી.
- યુનિવર્સલ સોમ્પો
- એકો જનરલ
- નાવી જનરલ ઈન્સ્યોરન્સ

### પબ્લિક સેક્ટર અન્ડરટેકિંગ (PSU)

- એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા
- ભારત સંચાર નિગમ લિમિટેડ*
- ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL)
- **સેન્ટ્રલ ગવર્મેન્ટ હેલ્થ સ્કિમ (CGHS)**
- સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત (ગાંધીનગર)
- કોલ ઈન્ડિયા લિમિટેડ
- દીનદયાળ પોર્ટ ઓથોરિટી
- અમ્પ્લોઈ'સ સ્ટેટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન (ESIC)* (માત્ર કર્મચારીઓ અને પેન્શનરો માટે)
- **ECHS (એક્સ-સર્વિસમેન કોન્ટ્રીબ્યુટરી હેલ્થ સ્કીમ)**
- ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા
- ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ (GAIL)
- ગુજરાત મિનરલ્સ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GMDC)*
- ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર્સ કેમિકલ્સ લિમિટેડ (GSFC)
- ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (GEB) (GUVNL, GSECL, GETCO, UGVCL, PGVCL, MGVCL, DGVCL)
- હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન (HUDCO)
- હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL
- ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર્સ કોર્પોરેશન (IFFCO)
- ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ
- ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (IOCL)
- ઈન્સ્ટિટ્યુટ ફોર પ્લાઝ્મા રિસર્ચ (IPR)
- ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)
- નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન (NHSRL)
- નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઓક્યુપેશનલ હેલ્થ (NIOH)
- NHPC લિમિટેડ
- ઓઈલ ઈન્ડિયા લિમિટેડ
- ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) (મહેસાણા, અમદાવાદ વગેરે)
- ઓફિસ ડાયરેક્ટર જનરલ ઓફ ઓડિટ (Central) ગુજરાત (Audit Bhavan)
- ઓફિસ પ્રિન્સિપલ એકાઉન્ટન્ટ જનરલ (Audit-I) એ.જી.એમ.
- ઓફિસ એકાઉન્ટન્ટ જનરલ (Audit-II) એ.જી.એમ.
- ફિઝિકલ રિસર્ચ લિમિટેડ (PRL)
- **રાજસ્થાન સરકાર આરોગ્ય યોજના (RGHS)**
- ભારતીય રિઝર્વ બેંક (RBI)
- સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)
- વેસ્ટર્ન રેલ્વે
- **આયુષ્માન ભારત-પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY) માત્ર કેન્સર અને ડાયાલિસિસની સારવાર માટે**

Terms & Conditions Apply*

**વધુ માહિતી માટે : +91-82380 95715 / +91-82380 95712**

Marengo CIMS Hospital
Off.Science City Road, Sola, Ahmedabad - 380060

For emergency or appointment,
1800 309 9999

Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE

# મૈરિંગો સિમ્સ હૉસ્પિટલના નિષ્ણાત ડૉક્ટર દ્વારા ઓપીડી (ગુજરાત)

## લીંબડી અને સુરેન્દ્રનગર

**(દર મહિનાના પહેલા રવિવારે)**
- ન્યૂરો અને સ્પાઈન સર્જન - **ડૉ. યશોધર સી. શાહ**

વિશાલ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ - લીંબડી સમય : બપોરે 12:00 થી 1:00 વાગ્યા સુધી

મહર્ષિ હોસ્પિટલ - સુરેન્દ્રનગર સમય : બપોરે 1:30 થી 2:30 વાગ્યા સુધી

સી.યુ. શાહ મેડીકલ કોલેજ - સુરેન્દ્રનગર સમય : બપોરે 3:00 થી 4:00 વાગ્યા સુધી

સી.જે. હોસ્પિટલ - સુરેન્દ્રનગર સમય : બપોરે 4:00 થી 5:00 વાગ્યા સુધી

## ધોળકા (શારદા હોસ્પિટલ) - સવારે 10:00 થી 12:00 વાગ્યા સુધી

**(દર મહિનાના પહેલા અને ત્રીજા મંગળવારે)**
- સિનિયર કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક્સ અને ટ્રોમા સર્જન - **ડૉ નીલ રોહરા**
- કેન્સર ને લગતી સમસ્યાઓના વિશેષજ્ઞ - **ડૉ વીર આર. શાહ**

## સાણંદ (જે.કે. મલ્ટિસ્પેશ્યાલિટી હોસ્પિટલ) - બપોરે 1:00 થી 3:00 વાગ્યા સુધી

**(દર મહિનાના પહેલા મંગળવારે)**
- સિનિયર કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક્સ અને ટ્રોમા સર્જન - **ડૉ નીલ રોહરા**
- કેન્સર ને લગતી સમસ્યાઓના વિશેષજ્ઞ - **ડૉ વીર આર. શાહ**

## બાવળા (શિવમ હોસ્પિટલ) - બપોરે 1:00 થી 3:00 વાગ્યા સુધી

**(દર મહિનાના ત્રીજા મંગળવારે)**
- સિનિયર કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક્સ અને ટ્રોમા સર્જન - **ડૉ નીલ રોહરા**
- કેન્સર ને લગતી સમસ્યાઓના વિશેષજ્ઞ - **ડૉ વીર આર. શાહ**

## હિંમતનગર (પ્રાઈમ હોસ્પિટલ) - સવારે 10:00 થી 1:00 વાગ્યા સુધી

**(દર મહિનાનાં બીજા અને ચોથા શુક્રવારે)**
- હેડ અને નેક કેન્સર ને લગતી સમસ્યાઓના વિશેષજ્ઞ - **ડૉ દર્શન ભણસાલી**

## સુરત (સનસાઈન ગ્લોબલ હોસ્પિટલ) - સવારે 10:00 થી બપોરે 1:00 સુધી

**(દર મહિનાના પહેલા શનિવારે)**
- કાર્ડિયોથોરાસીક વાસ્ક્યુલર અને હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જન - **ડૉ ધવલ નાયક**

## કડી (રીધમ હોસ્પિટલ) - સવારે 10:00 થી 12:00 વાગ્યા સુધી

**(દર મહીનાના બીજા અને ચોથા શનિવારે)**
- સિનિયર કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક્સ અને ટ્રોમા સર્જન - **ડૉ નીલ રોહરા**

## ભાવનગર (દુરવા ગેસ્ટ્રોક્લિનિક) - દર મહિનાના ત્રીજા શુક્રવારે

સવારે 10:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી
- લીવરને લગતી સમસ્યાઓના વિશેષજ્ઞ - **ડૉ ગૌરવ પટેલ**

## રાજકોટ (શ્રી ગિરીરાજ મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ - દર મહિનાના બીજા શનિવારે

- કન્સલ્ટન્ટ સર્જિકલ ઓન્કોલોજીસ્ટ - **ડૉ નીકુંજ પટેલ**
- લીવરને લગતી સમસ્યાઓના વિશેષજ્ઞ - **ડૉ ગૌરવ પટેલ**
- કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક ફૂટ અને એન્કલ સર્જન - **ડૉ હર્ષ વ્યાસ**

**દર મહિનાના પહેલા બુધવારે**
- કિડનીને લગતી સમસ્યાઓના વિશેષજ્ઞ - **ડૉ સિદ્ધાર્થ માવાની**

સમય : સવારે 11:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી

## ભૂજ (કે.કે. પટેલ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ)

**(દર મહિનાના પહેલા શુક્રવારે)** સમય : સવારે 10:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી
- સ્પાઈનને લગતી સમસ્યાઓના વિશેષજ્ઞ - **ડૉ શર્વિલ ગજ્જર**
- લીવરને લગતી સમસ્યાઓના વિશેષજ્ઞ - **ડૉ ગૌરવ પટેલ**
- કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક અને શોલ્ડર સર્જરી નિષ્ણાત - **ડૉ તીર્થ વ્યાસ**

**(દર મહિનાના બીજા ગુરૂવારે)** સમય : સવારે 11:00 થી બપોરે 2:00 વાગ્યા સુધી
- બ્રેસ્ટ કેન્સર અને થોરાસિક (ચેસ્ટ)ને લગતી સમસ્યાઓના વિશેષજ્ઞ - **ડૉ અભિષેક જૈન**

**(દર મહિનાના ત્રીજા શુક્રવારે)** સમય : સવારે 10:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી
- સિનિયર કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક્સ અને ટ્રોમા સર્જન - **ડૉ નીલ રોહરા**
- કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક ફૂટ અને એન્કલ સર્જન - **ડૉ હર્ષ વ્યાસ**
- કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક અને શોલ્ડર સર્જરી નિષ્ણાત - **ડૉ તીર્થ વ્યાસ**
- કન્સલ્ટન્ટ સર્જિકલ ઓન્કોલોજીસ્ટ - **ડૉ નીકુંજ પટેલ**

**(દર મહિનાના ચોથા શનિવારે)**
- કાર્ડિયોવાસ્ક્યુલર અને થોરાસીક સર્જન - **ડૉ ધીરેન શાહ એન્ડ ટીમ**
- ફેફસાના રોગોના નિષ્ણાંત - **ડૉ અમિત પટેલ**

સમય : સવારે 11:00 થી બપોરે 2:00 વાગ્યા સુધી

## મહેસાણા/પાલનપુર - લાઈફ લાઈન આઈ.સી.યુ. અને ગુજરાત ગેસ્ટ્રો હોસ્પિટલ

**(દર મહિનાના ચોથા મંગળવારે)**
- લીવરને લગતી સમસ્યાઓના વિશેષજ્ઞ - **ડૉ ગૌરવ પટેલ**

## પાટણ અને ડીસા - દર ગુરૂવારે

- કિડનીને લગતી સમસ્યાઓના વિશેષજ્ઞ - **ડૉ હિતેશ દેસાઈ**

**ક્રિષ્ના સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ - પાટણ**
સમય : સવારે 9:00 થી 11:00 વાગ્યા સુધી

**સમર્થ મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલ - ડીસા**
સમય : બપોરે 1:00 થી સાંજે 4:00 વાગ્યા સુધી

**ઓપીડી વિશે વધુ જાણકારી અને અપોઈન્ટમેન્ટ માટે**
**82380 95712 | 82380 95715**

Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE

"Maru Hriday" Registered under RNI No. GUJGUJ/2009/28044
Published 15th of every month
Permitted to post at PSO, Ahmedabad-380002 on the 22nd to 27th of every month under
Postal Registration No. GAMC-1731/2025-2027 issued by SSP Ahmedabad valid upto 31st December, 2027
Licence to Post Without Prepayment No. PMG/NG/090/2025-2027 valid upto 31st December, 2027

**If Undelivered Please Return to :**

Marengo CIMS Hospital, Nr. Shukan Mall,
Off Science City Road, Sola, Ahmedabad-380060.
Call : 1800 309 9999

**'મારૂ હૃદય' નો અંક મેળવવા અંગે :** જો તમારે 'મારૂ હૃદય' નો અંક જોઇતો હોય તો તેની કિંમત ₹ ૬૦ (૧૨ અંક) છે. તેને મેળવવા માટે કેશ અથવા ચેક/ડીડી 'સીમ્સ હોસ્પિટલ પ્રા. લી.' ના નામનો તમારા નામ અને તમારા પુરતા એડ્રેસની વિગત સાથે અમારી ઓફિસ, "મારૂ હૃદય" ડિપાર્ટમેન્ટ, સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ પર મોકલી આપશો. ફોન નં. : +૯૧-૭૯-૪૮૦૫ ૨૮૨૩




તંત્રી, મુદ્રક અને પ્રકાશક ડૉ. અનિશ ચંદારાણાએ સીમ્સ હોસ્પિટલ વતી શક્તિ ઓફસેટ, એ ૬૨, પુષ્પરાજ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, નૂતન મીલ રોડ, અદાણી સીએનજી સ્ટેશન પાછળ, સરસપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૮ ખાતેથી છાપ્યું અને સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.